ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત) DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date : 17th July,2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.......................................................................,
ભાવનગર.

**કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કુદરતી આપત્તિઓની આપાતકાલીન સ્થિતિમાં ટેલી કોમ્યુનિકેશનમાં માટે હેમ રેડિયો ક્લબ ઓફ ભાવનગરમાં જોડવા માટે જોગ.**

ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર હેતું ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ધરતીકંપ, પુર જેવી કુદરતી આપત્તિઓ સમયે આપાતકાલીન સ્થિતિમાં ખોરવાયેલ ટેલી કોમ્યુનિકેશન / સંદેશા વ્યવહાર સમયે આપત્કાલીન સેવાઓના ત્રીજા સ્તંભ તરીકે હેમ રેડિયો (એમેચ્યોર રેડિયો) હમેશા ઉપયોગી બન્યો છે.

હેમ રેડિયો (એમેચ્યોર રેડિયો) એક એવા પ્રકારનું ડીવાઈસ છે કે જે રેડિયો ફ્રિકવન્સીનો ઉપયોગ કરીને ખાનગી સંદેશાનું આદાન પ્રદાન સચોટ રીતે થઇ શકે છે. કોઈ પણ વ્યક્તિ કે જે રેડિયો ઇલેક્ટ્રિક તાલીમમાં રૂચી ધરાવતી હોય તે ખાનગી રીતે કોઇપણ ધન લાભના હેતુ વગર લોક સેવા અર્થે હેમ રેડિયોની તાલીમ લઇ શકે છે. રેડિયો સ્પર્ધા, રેડિયો તરંગોની ગતી, પબ્લિક સર્વિસ કોમ્યુનિકેશન, ટેકનીકલ પ્રયોગો અને કોમ્પ્યુટર નેટવર્કિંગ જેવા વિષયોમાં ઉત્સુકતાને કારણે હેમ રેડિયો તરફ આકર્ષિત થઇ શકે છે.

હેમ રેડિયોનું સંચાલન કરવા માટેની યોગ્યતા તેમજ હેમ રેડિયો વિષેની વિશેષ માહિતી અને તાલીમ મેળવવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા હેમ રેડીઓ ક્લબ ઓફ ભાવનગરની શરૂઆત કરવા તરફ જઈ રહ્યું છે, ત્યારે હેમ રેડિયો પ્રત્યે રસ ધરાવતા વ્યક્તિઓએ www.krcscbhavnagar.org / upcoming Event પર જઈને પોતાના નામની નોંધણી કરવાની રહેશે. નોંધણી થયેલ સભ્યોને ઓનલાઈન તાલીમ પૂરી પાડવામાં આવશે. તેમજ તેમેને પરીક્ષા અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે. વધુ વિગતો માટે મો. 8866570111 સંપર્ક કરી શકાશે.

1pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.